Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ આસો

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## વેર શાન્તિ

કાંટો ભલે કાંટાથી નીકળે,
હીરો ભલે હીરાથી કપાય,
પણ
વેર તો પ્રેમ વડે જ શાંત થાય.
જીવન એટલે પ્રેમ
અને પ્રેમ એટલે ત્યાગ.

" પરબનું પાણી "



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૪ ] ઓકટોબર : ૧૯૭૭ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| તપ | ધીરજલાલ કે. શાહ | ૨૭૧ |
| કષાયોમાંથી મુક્તિ એ જ મુક્તિ છે | ખીમચંદ ચાંપશીભાઈ શાહ | ૨૭૨ |
| મર્યાદા | ઝવેરભાઈ બી. શેઠ | ૨૭૪ |
| પેટ્રન સાહેબોની નામાવલી | | ૨૭૭ |
| શ્રી કુમારપાળ દેસાઈને પી.એચ.ડી.ની પદવી | | ૨૮૦ |
| હિંસાને આડકતરું અનુમોદન, આમાંથી કેટલે અંશે બચી શકાય? | | ૨૮૧ |
| ભગવતી સૂત્ર સાર-સંગ્રહ અંગે બે મહત્ત્વના પત્રો | | ૨૮૫ |
| સ્વીકાર અને સમાલોચના | | ૨૮૭ |
| સમાચાર સંચય | | ૨૮૮ |
| વાર્ષિક અનુક્રમણિકા | | ૨૯૧ |


આ સભાના નવા આજીવન સભ્ય


**શ્રી રસીકલાલ ગોપાળજીભાઈ શાહ મુંબઈ**

## સ્વર્ગવાસ નોંધ

ભાવનગરવાળા શ્રી નીરંજન દામોદરદાસ શેઠ (ઉંમર વર્ષ ૨૦) સં. ૨૦૩૩ના ભાદરવા વદ ૬ તા. ૩-૧૦-૭૭ ને સોમવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તે જાણી અમો ઘણા જ દિલગીર થયા છીએ. તેઓશ્રી ખુબ મળતાવડા સ્વભાવના તેમજ ધાર્મિક લાગણીવાળા હતા અને સાધુમય જીવન જીવતા હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




• તંત્રી : **શ્રી** ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ આસો : ૧૯૭૭ ઓકટોબર | અંક : ૧૨

# તપ

તપ એટલે
અનેક પ્રકારની સહનશીલતા.
સુખડને જેમ જેમ ઘસીએ તેમ તેમ
તેમાંથી શીતળતા અને સૌરભ મળે,
એવી જ રીતે
આપણા દેહને–જાતને કોઈ
શુભ કાર્ય માટે ઘસી નાખીએ અને
તેમાંથી જે સુગંધ પ્રસરે એ પણ સાચું તપ.
તપ એટલે
આત્માના મેલને સાફ કરનાર સાબુ.
તપ એટલે
યોગીરૂપી મહેલ ઉપર ચડવા માટેની લીફ્ટ,
માટે શુદ્ધ તપનું આચરણ કરી
આત્મકલ્યાણ સાધો.

ધીરજલાલ કે. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कषायमुक्तिः किल मुक्तिरेव ।
# કષાયોમાંથી મુક્તિ એ જ મુક્તિ છે.

લેખક : ખીમચંદ ચાંપશીભાઈ શાહ

માનવ જીવનનું ધ્યેય મુક્તિ-મોક્ષ છે, સંસારના જન્મ-મરણના ચક્રાવામાંથી છુટકારો મેળવવાનું છે. આ માટે વીતરાગતા કેળવવાની રહે છે. ઉત્તરાધ્યયન સૂત્ર (અધ્યાય ૩૨, ગાથા ૭)માં કહ્યું છે કે "રાગ અને દ્વેષ એ કર્મનાં બીજ છે અને કર્મ એ જન્મ-મરણનું બીજ છે." એટલે કે રાગ અને દ્વેષમાંથી કર્મ ઉત્પન્ન થાય છે, અને કર્મના કારણે મનુષ્ય જન્મ-મરણના ચક્રાવામાં ફસાય છે. આમ રાગ અને દ્વેષ મનુષ્યના આત્માના ભયંકર શત્રુઓ છે તેના ઉપરનો સર્વાંગી વિજય તેનું નામ જ વીતરાગતા. રાગ અને દ્વેષના પાયામાં કષાયો છે. આથી એમ કહી શકાય છે કે કષાયો જ વીતરાગતાના બાધક છે. કષાયોમાં આસક્તિ એટલે સંસારમાં ભ્રમણ અને કષાયોમાંથી મુક્તિ એટલે મોક્ષ-જન્મ મરણના ચક્રાવામાંથી છુટકારો.

કષાયો ચાર છે : (૧) ક્રોધ (૨) માન (૩) માયા અને (૪) લોભ.

**ક્રોધ** : ક્રોધથી મનુષ્ય સાનભાન ખૂએ છે. અને પોતાની જાત ઉપરનો કાબૂ ગુમાવી બેસે છે. ઘણીવાર ક્રોધના આવેશમાં તે ન કરવાનું પણ કરી બેસે છે અને પાછળથી પસ્તાય છે એ આપણા અનુભવની હકીકત છે. ભગવદ્ ગીતા (અધ્યાય ૨, શ્લોક ૬૨)માં કહ્યું છે કે "ક્રોધથી માણસ સંમોહ પામે છે-એટલે કે સારા-નરસાની સમજણ ગુમાવી બેસે છે; આ સમજણ ગુમાવવાથી તેની સ્મૃતિમાં ભ્રમ (ગૂંચવાડો) ઊભો થાય છે; આ ભ્રમથી તેની બુદ્ધિ નાશ પામે છે એટલે કે સમત્વ ખોઇ બેસે છે અને બુદ્ધિ નાશથી તેનો નાશ થાય છે એટલે કે તેના આત્માનો વિકાસ રૂંધાઈ જાય છે." આમ જાણવા છતાં ક્રોધનો નિરોધ દુઃસાધ્ય છે ક્રોધના આવેશથી મોટા મોટા જ્ઞાનીઓ અને તપસ્વીઓ પણ બચી શક્યા નથી. એક સંયમધર્મી તપસ્વી ક્રોધ કરવાથી પોતાનું અનેક વર્ષોનું સંચય કરેલું બધું તપ ખોઈ બેઠો, અને ભવાંતરે સર્પ યોનિમાં ક્રોધથી ભરેલો ચંડકૌશિક સર્પ થઇને જન્મ્યો એ કથા જૈનોમાં સુવિદિત છે. એક રીતે જોઇએ તો અન્યના દોષ કે અપરાધ માટે ક્રોધ કરવો તે તેના દોષ કે અપરાધની આપણી જાત ઉપર શિક્ષા કરવા જેવું મૂર્ખાઈ ભરેલું કૃત્ય છે. એક કારકુને મોટી ભૂલ કરી. અધિકારી ક્રોધથી ભભૂકી ઊઠ્યો. ક્રોધના આવેશમાં લોહીનું દબાણ વધી ગયું અને તે જીવલેણ લકવામાં સપડાઇ ગયો. ભૂલ કારકુને કરી, અને શિક્ષા અધિકારીએ વહોરી. આ છે ક્રોધની વિચિત્રતા !

**માન** : માન, અભિમાન, અહંકાર, હુંપદ, ગર્વ વગેરે સમાન અર્થવાળા શબ્દો છે. પોતાની માની લીધેલી મોટાઇના કારણે અક્કડ થઇને ફરનારા સમાજમાં કેટલા હાંસીપાત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બને છે તે આપણે જાણીએ છીએ. મુનિવર્ય શ્રી ઉદયરત્ન મહારાજે માનની સજ્ઝાયમાં યથાર્થ જ કહ્યું છે કે :—

માને વિનય ન આવે રે,
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે;
સમકિત વિણુ ચારિત્ર નહીં, ચારિત્ર વિણુ નહીં મુક્તિ રે.

અહંકારથી નાશ પામેલા અસંખ્ય નાના મોટા માનવોનાં ઉદાહરણો ઇતિહાસમાં નોંધાયેલાં છે. "અહંકાર તો રાજા રાવણનો પણ નથી રહ્યો" એ જનઉક્તિ સુવિદિત છે. પરંતુ અહંકાર એ માનવ સ્વભાવની એક ખાસ નબળાઈ છે. અને આ નબળાઈના કારણે તે પોતાનો નાશ નોતરે છે. આ સંબધમાં એક દૃષ્ટાંત જોઈએ. એક મહાન શિલ્પી હતો. તેની કારીગરી અદ્ભુત હતી. અચાનક તેને ખબર પડી ગઇ કે અમુક દિવસે અમુક સમયે તેનું મૃત્યુ થવાનું છે. એટલે તેણે પોતાના જ કદનાં આબેહુબ પોતના જેવાં જ નવ પૂતળાં તૈયાર કર્યા અને મૃત્યુના સમય પહેલાં થોડી વારે તેમની વચ્ચે સૂઈ ગયો. નિયત સમયે યમદૂતો આવ્યા પણ એક સરખા દશ જણાને જોઇને મૂંઝાયા અને કોનો પ્રાણ લેવો તે નક્કી કરી ન શકયા. એટલે પાછા ગયા અને યમરાજાને સર્વ હકીકત જણાવી. તે પોતે પધાર્યા અને એક સરખા દશ જણાને જોઈને દંગ થઈ ગયા. પણ માનવ સ્વભાવની નબળાઇ તે જાણતા હતા એટલે સૌ સાંભળે તેમ બોલ્યા કે "શી અદભુત કારીગરી છે. પણ એક જરીક ખામી રહી ગઇ છે. એ ન હોત તો શિલ્પી વિશ્વકર્માનો સમોવડિયો ગણાત." આ સાંભળીને શિલ્પી એકદમ બેઠો થઈ ગયો, અને પૂછયું કે "કઇ ખામી?" યમરાજે હસીને જવાબ આપ્યો કે "આ જ, અહંકાર" અને તેનો પ્રાણ લઇને ચાલતા થયા.

**માયા** : માયા એટલે છળકપટ. માયા છે તો મિથ્યાત્વ પણ છે. પોતાના એક મહાબળ નામના પૂર્વ ભવમાં તપ જેવી પવિત્ર કરણીમાં મિત્રો સાથે માયા-છળકપટ કરવાથી તીર્થંપતિ મલ્લિજિનને સ્રીવેદ પામવો પડ્યો. તો અન્યની તો શી વાત કરવી?

**લોભ** : લોભ તો પાપનું મૂળ છે, અને તેની અસર તો ઠેઠ દશમા ગુણસ્થાનક સુધી પહોંચે છે. વિચિત્રતા તો એ છે કે જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. એક લોભિયો મફત નાળિયેર લેવા નાળિયેરી ઊપર ચડ્યો અને પડીને મરણશરણ થયો તે વાર્તા જાણીતી છે.

જરા જેટલી આગ અને નહિ જેવો કષાય એનો વિશ્વાસ ન કરવો, કારણ અલ્પ હોવા છતાં તેને વધી જતાં વાર લાગતી નથી. આ શાસ્રોક્તિ એક પરમ સત્યને પ્રગટ કરે છે. આપણે તેને બરાબર સમજી લેવાની જરૂર છે.

દશવૈકાલિકસૂત્ર(અધ્ય. ૮ગા. ૩૮,૩૯)માં કહ્યું છે કે ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રોનો અને લોભ સર્વનો નાશ કરે છે. માટે શાંતિના ગુણને કેળવીને ક્રોધને હણવો, નમ્રતાના ગુણને કેળવીને અહંકારને જિતવો, સરળતાના ગુણને કેળવીને માયા ઉપર તથા સંતોષના ગુણને કેળવીને લોભ ઉપર વિજય મેળવવો.

卐



For Private And Personal Use Only

# મર્યાદા

લેખક : ઝવેરભાઈ બી. શેઠ

સતી સિતાજીનો રામાયણનો એ પ્રસંગ સર્વવિદિત છે. સિતાજીને સુવર્ણમૃગ મેળવવાનો મોહ જાગ્યો. ત્યારે કે જ્યારે તેમણે એવો સુવર્ણમૃગ નરી આંખે નિહાળ્યો. જાણે દૈવીમૃગ. કેટલો સર્વાંગ સુંદર! કેટલો આકર્ષક! સુવર્ણમૃગ તદ્દપર્યંત કોઈએ નિહાળ્યો હતો? એ માયાવી સુવર્ણમૃગ હતો. તેથી તે અધિક મોહ ઉત્પન્ન કરે તેવો હતો. તેને મેળવવાની તાલાવેલીમાં રામચંદ્રજીને મૃગની પાછળ દોડવું પડ્યું. જીવતો પકડાશે કે કેમ તે શંકાસ્પદ હતું. પરિણામે રામચંદ્રજીએ તીર છોડયું. પ્રાણત્યાગ સમયે એ સુવર્ણમૃગે લક્ષ્મણજીના નામનો પોકાર કર્યો. તેના પડઘા ચોતરફ પડ્યા. એ પડઘા સિતાજી અને લક્ષ્મણજી ઉભયને કાને પડ્યા. બન્ને જુદું જુદું સમજ્યા–અલગ અલગ દૃષ્ટિકોણથી.

લક્ષ્મણજીને ખાત્રી હતી કે તે અવાજ રામચંદ્રજીનો નથી. સિતાજીને દહેશત લાગી કે રામચંદ્રજી ભયમાં છે; તેથી તેઓ લક્ષ્મણજીને બોલાવે છે. મદદ માટે–બચાવ માટે. એ દહેશતને પરિણામે સિતાજી લક્ષ્મણજીને રામચંદ્રજીની મદદે ધાવા આજ્ઞા કરે છે. લક્ષ્મણજી સમજાવવા કોશિષ કરે છે કે તે અવાજ શ્રી રામચંદ્રજીનો નથી. તેમણે મને તમારી રક્ષા કરવાનો હુકમ કર્યો છે, તેથી તમને એકલા છોડીને જવાનું મુનાસીબ નથી. તમને છોડીને જવાથી જ્યેષ્ઠ બંધુની આજ્ઞાનું ઉલ્લંઘન થશે. એ સમયે સતી સિતાજી લક્ષ્મણજીને અતિ કઠોર વચનો કહે છે. પરંતુ તે પોતે નહોતા બોલતા. સુવર્ણમૃગ મેળવવા માટેનો તેમનામાં જાગેલો મોહ બોલતો હતો. મોહના પડળથી એ એવા અંધ બની ગયા હતા કે અમુક અંશે સારાસારનું ભાન ભૂલી ગયા હતા, એમ કહીએ તો ચાલે.

કટુ-વચનબાણોને કારણે જ, અનીચ્છા છતાં લક્ષ્મણજીને, સિતાજીને એકલા–બિનસલામત છોડીને જવું પડયું. કારણ કે તે તો વન હતું–જંગલ હતું. ત્યાં ભયસ્થાનો અનેક હતા. નિરક્ષિત સ્ત્રી માટે ખાસ. લક્ષ્મણજીએ જતાં જતાં લક્ષ્મણરેખા દોરી, જે સિતાજીએ ઓળંગવાની નહોતી. લક્ષ્મણજી દૂર નીકળી ગયા ત્યારે રાવણ સાધુના વેશમાં 'ભિક્ષામ્ દેહી' કરીને ઉભા રહ્યા અને ઈરાદાપૂર્વક લક્ષ્મણરેખાની બહાર ઉભા રહ્યા. એ રેખાની અંદર હોય ત્યાં સુધી રાવણ ગમે તેવો શક્તિશાળી હતો, છતાં સિતાજીને કશું જ કરી શકવા શક્તિમાન નહોતો.

સિતાજીએ લક્ષ્મણરેખાની અંદર રહીને ભિક્ષા આપવા માંડી ત્યારે પોતે જ્યાં ઉપસ્થિત છે છેક ત્યાં આવીને ભિક્ષા આપવી હોય તો જ પોતે સ્વિકારશે, નહીંતર પાછો જતો રહેશે એવી વાણી સાધુના વેશમાં રાવણે ઉચ્ચારી. પોતાને આંગણે આવેલો સાધુ-સંત ભિક્ષા લીધા વિના જાય તે સિતાજી જેવા સાધ્વી અને ગૃહિણી માટે શોભાસ્પદ અને ઉચિત ગણાય ખરૂં? ક્ષણભર તે દ્વિધામાં પડ્યા.

લક્ષ્મણજીએ દોરેલી લક્ષ્મણરેખાની મર્યાદાનો લોપ કરવો કે ગૃહસ્થધર્મનું ઉલ્લંઘન કરવું? તેથી સાધુ પાછા ફરવાનો ડોળ કરવા લાગ્યો. સિતાજીને લક્ષ્મણરેખા ઓળંગીને ભિક્ષા આપવી પડી. સંરક્ષણની મર્યાદા લોપાઈ ગઈ.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિયમનો ભંગ થયો. પરિણામે રાવણની માયાજાળમાં સિતાજી ફસાયા. રાવણે સિતાજીનું અપહરણ કર્યું અને વિમાનમાં બેસાડીને લંકા લઇ ગયો.

આ આખા પ્રસંગમાં કયાં કયાં કેવી રીતે મર્યાદાનો લોપ થયો તે વિચારવું આવશ્યક થઈ પડશે.

સામાન્ય બુદ્ધિ એમ કહે કે સૂવર્ણમૃગ હોઈ શકે નહિ. એ છતાં એવા મૃગને નિહાળતાં જ સિતાજીને તેને યેનકેન પ્રકારેણ મેળવવાનો મોહ જાગ્યો. કાંતો તે માયાજાળ છે અગર તેમાં દૈવત્વ છે એવી શંકા જાગે તો પણ તે મેળવવો અશકય તો ગણાય જ. છતાં મોહમાં અંધ બનેલા સિતાજીએ રામચંદ્રજીને મૃગને ગમે તેમ કરીને મેળવી આપવા વિનંતિ કરી. અને રામચંદ્રજી પણ સિતાજીની ઈચ્છાને માન આપવા તૈયાર થયા. તેઓ તેમને સત્ય વસ્તુ ન સમજાવી શકયા હોત ? કે સ્ત્રી–હઠ પાસે અંતે નમતું જોખવું પડશે એવું માનીને તેમણે સિતાજીની વિનંતિનો સ્વીકાર કર્યો ? ભગવાન સ્વરૂપ રામચંદ્રજીને પણ રાવણની માયાજાળની જાણ–પિછાણ ન થઈ ? માયાના મોહના પડળ એવા છે ! માયાજાળને પરિણામે લક્ષ્મણજીને પણ સિતાજીને અરક્ષિત છોડીને રામની વહારે ધાવું પડયું.

રાવણ મહા સત્તાધીશ અને લંકાધિપતિ હોવા છતાં પરસ્ત્રીના મોહમાં લપટાયો; તેથી તેણે સિતાજીનું અપહરણ કરવાનું ષડયંત્ર ગોઠવ્યું. લંકામાં સિતાજીને રીઝવવા તે અનેકવિધ તરકીબો રચતો હતો ત્યારે પણ તેની પત્ની તેને તેમ ન કરવા સમજાવતી હતી. છતાં તે માન્યો નહિ. કામાંધ–મોહાંધ બનેલા રાવણનો યુદ્ધમાં અંતે નાશ થયો.

ભગવાન મહાવીરે પ્રરૂપેલા સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરતા રહીએ તો આપણા સૌની પણ એ જ દશા થવાની ને ?

વર્તમાન યુગમાં સત્યનું છડેચોક ખૂન કરવામાં આવે છે. અસત્ય બોલ્યા વિના, ખોટું કર્યા વિના પૈસાદાર થવાય જ કેવી રીતે ? અન્યને ફસાવવા માટે પણ કૌભાંડો ઉભા કરી પાંચ દસ માણસોનું જુથ કોઈ પણ વ્યક્તિને તે સાચો હોવા છતાં ખોટો ઠરાવે છે. એવા અનેક દાખલાઓ બનતા રહે છે.

અહિંસાનો અંચળો ઓઢનાર આપણે સૌ પળેપળે હિંસા આચરીએ છીએ. જયણા પાળવાનું દૂર રહ્યું. પરંતુ ઝેરી દવાઓના ઉપયોગથી અનેક જંતુઓનો સંહાર કરીએ છીએ પરદેશમાં નિકાસ થતા પશુ-પંખીઓનો સંહાર થાય છે. આપણા દેશમાં પણ કતલખાના ચાલે છે વળી આપણા રોજબરોજના વહેવારમાં પણ આપણે અનેક જીવોને એક યા બીજા પ્રકારે દુભવીએ છીએ. મનમાં તો આપણે બીજાનું કેટકેટલું અશુભ ચિંતવીએ છીએ ?

વિજ્ઞાનના અને ફિલ્મી દુનિયાના આ યુગમાં બ્રહ્મચર્ય–સંયમનો જાણે લોપ થઈ ગયો હોય તેવું લાગતું નથી ? મુખ્યત્વે યુવાન પ્રજાને ઉત્તેજીત કરે તેવા ખાનપાનનો વિપુલ ઉપયોગ થવા લાગ્યો છે. સિનેમા–નાટકો અને આછકલા વર્તનો યુવાન પ્રજાને ગેરમાર્ગે દોરી જાય છે. બિભત્સ સાહિત્ય અને અંગ પ્રત્યંગોના ખુલ્લા પ્રદર્શન કરતાં ફોટાઓ તેમાં ઉમેરો કરે છે. પરિણામે અપરિપકવ ઉંમરે ખરી ખુમારીનો હ્રાસ થતાં જતે દહાડે યુવાન પ્રજા હતવીર્ય બની જશે. તેમને સન્માર્ગે દોરવા માટે લક્ષ્મણજીનું ઉદાહરણ ઉમદા નિવડશે.

સિતાજીનું રાવણ અપહરણ કરી ગયો પછી રામચંદ્રજી અને લક્ષ્મણજી તેની શોધમાં નીકળી પડે છે. એ સમયે રામચંદ્રજી, લક્ષ્મણ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીને પૂછે છે ' હે લક્ષ્મણ ! તું સતિ સિતાના આભુષણોને બરાબર ઓળખે છે ખરો ? ત્યારે લક્ષ્મણજીએ આપેલો ઉત્તર સાંભળવા–સમજવા જેવો છે.

कुंडले नाभिजानामि नाभिजानामि कंकणे ।
नुपूरेव जानामि नित्य पादाभिवंदनात् ॥

અર્થાત્-હું તેમના કાનના કુંડળ કે હાથના કંકણને ઓળખતો નથી. હંમેશા તેમને પાયવંદન કરતો હતો તેથી માત્ર તેમના પગના ઝાંઝરને બરાબર ઓળખું છું.

ભરયુવાન વયે ચૌદ વરસ સુધી અખંડ બ્રહ્મચર્ય પાળનાર અને નિદ્રાત્યાગી લક્ષ્મણજીનો કેટલો વિનય ? હંમેશા સવારે માતા સમાન ભાભીને તે પગે લાગતા. તેમણે માત્ર તેમના પગ તરફ જ દૃષ્ટિ કરી છે–પાયવંદન સમયે. તેમના અન્ય અંગોને નિહાળ્યા નથી. એટલે તેમને અન્ય અલંકારોની ચોક્કસ જાણ નથી. નૈતિક પતન તરફ દોરાઇ રહેલા આપણને સૌને લક્ષ્મણજી સન્માર્ગે દોરે છે. અંગૂલી નિર્દેશ કરે છે.


ચોરી ન કરવી જોઇએ, છતાં આપણે બે નંબરના ચોપડા રાખી ચોરી કરતા નથી ? બીજાનું ખોટી રીતે મેળવવાની કોશીષ કરવી, પડાવી લેવું અને તેને માટે કાવાદાવા કરવા તે પણ એક પ્રકારની ચોરી જ છે ભગવાન મહાવીર અચૌર્યવ્રતની હિમાયત કરે છે. આજના યુગમાં અચૌર્યવ્રતના પાલનની તાતી જરૂર છે.

પર્યુષણનો સૌથી ઉત્તમ સંદેશ ક્ષમાપનાનો છે. ક્ષમા આપવી અને લેવી. જેની સાથે ખટરાગ થયો હોય, વેરઝેર થયા હોય, સામેથી ચાલીને તેમની માફી માગવી જોઇએ. વેરઝેર મિટાવી દઈને પ્રેમનું સામ્રાજ્ય સ્થાપી દેવું જોઇએ. આ નિયમ વ્યક્તિ-વ્યક્તિને, સમાજ–સમાજને, પ્રાંત–પ્રાંતને અને દેશ–દેશને સૌને લાગુ પડે છે. ક્ષમા એ વીરનું ભૂષણ છે જે જલદી ઉશ્કેરાઈ જાય છે અને બીજા સાથે વેર બાંધી બેસે છે તે નબળો છે–અસહિષ્ણુ છે. સહન કરવું તે સહેલી વાત નથી.

' સહેવામાં જે રહી વિમળતા,
તે ન ક્રોધી થવામાં;
વારિમાં જે રહી શિતળતા,
તે ન અગ્નિ શિખામાં.'

સુખી થવાનો ધોરી માર્ગ છે જૈન ધર્મે પ્રરૂપેલા સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અચૌર્ય જેવા સતસિદ્ધાંતોના પાલનનો. જેટલું પાલન વધારે એટલું સુખ વિશેષ. જેટલી સહિષ્ણુતા વિશેષ એટલી શાંતિ અધિક. જેટલો સમતાભાવ અને સંતોષ અધિક તેટલો જીવનનો સાચો આનંદ સવિશેષ. જેટલી મર્યાદા વધારે એટલું સુખ વધારે.

આપણને મળેલી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને સારાસારનો ભેદ પારખી 'સારૂં તે મારૂં, સાચું તે મારૂં ' એમ સ્વિકારીને તેનું અમલીકરણ કરવાનું છે. સાચા સુખ અને શાંતિ મેળવવાનું એ અમોઘ સાધન છે.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભામાં અત્યાર સુધીમાં થયેલાં

# માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી

૧ શ્રી બાબુસાહેબરાય સીતાબચંદજી બહાદુર
૨ ,, હઠીસંગ ઝવેરચંદ
૩ ,, રાયબહાદુર સાહેબ વિજયસિંહજી
૪ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ઝવેરચંદ
૫ ,, બાલચંદ છાજેડ
૬ ,, જીવણલાલ ધરમચંદ
૭ ,, બાબુસાહેબ બહાદુરસિંહજી સીંઘી
૮ ,, ચંદુલાલ સારાભાઈ
૯ ,, રાયબહાદુર કાંતિલાલ ઈશ્વરલાલ
૧૦ ,, માણેકચંદ જેચંદભાઈ
૧૧ ,, નાગરદાસ પુરૂષોત્તમ
૧૨ ,, રતીલાલ વાડીલાલ
૧૩ ,, માણેકલાલ ચુનીલાલ
૧૪ ,, નાનાલાલ હરીચંદ
૧૫ ,, કાંતીલાલ બકોરદાસ
૧૬ ,, રાયબહાદુર નાનજીભાઈ લધાભાઈ
૧૭ ,, ભોગીલાલ મગનલાલ
૧૮ ,, રતીલાલ વર્ધમાન
૧૯ ,, પદમશી પ્રેમજીભાઈ
૨૦ ,, રમણીકલાલ ભોગીલાલ
૨૧ ,, મોહનલાલ તારાચંદ
૨૨ ,, જાદવજી નરશીદાસ
૨૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૨૪ ,, ચંદુલાલ ટી. શાહ
૨૫ ,, રમણીકલાલ નાનચંદ
૨૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૨૭ ,, દલીચંદ પરશોત્તમદાસ
૨૮ ,, ખાંતીલાલ અમરચંદ
૨૯ ,, રાયબહાદુર જીવતલાલ પ્રતાપશી
૩૦ ,, અમૃતલાલ કાળીદાસ
૩૧ ,, ખુશાલદાસ ખેંગારભાઈ
૩૨ ,, કાંતિલાલ જેસંગભાઈ
૩૩ શ્રી બબલચંદ કેશવલાલ
૩૪ ,, ચંદ્રકાન્ત ઉજમશી
૩૫ ,, પુંજાભાઈ દીપચંદ
૩૬ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૩૭ ,, કેશવલાલ લલ્લુભાઈ
૩૮ ,, ઓધવજી ધનજીભાઈ સોલીસીટર
૩૯ ,, મણીલાલ વનમાળીદાસ
૪૦ ,, સારાભાઈ હઠીસંગ
૪૧ ,, રમણલાલ દલસુખભાઈ
૪૨ ,, કેશવલાલ વજેચંદ
૪૩ ,, જમનાદાસ મોનજી
૪૪ ,, વીરચંદ પાનાચંદ
૪૫ ,, હીરાલાલ અમૃતલાલ
૪૬ ,, ગીરધરલાલ દીપચંદ
૪૭ ,, પરમાણંદ નરશીદાસ
૪૮ ,, લવજીભાઈ રાયચંદ
૪૯ ,, પાનાચંદ લલ્લુભાઈ
૫૦ ,, કસ્તુરભાઈ લાલભાઈ
૫૧ ,, પરશોતમદાસ મનસુખલાલ
૫૨ ,, મનસુખલાલ દીપચંદ
૫૩ ,, છોટાલાલ મગનલાલ
૫૪ ,, માણેકચંદ પોપટલાલ
૫૫ ,, નગીનદાસ કરમચંદ
૫૬ ,, ડો. વલ્લભદાસ નેણસીભાઈ
૫૭ ,, સકરચંદ મોતીલાલ
૫૮ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ
૫૯ ,, ખીમચંદ લલ્લુભાઈ
૬૦ ,, પરશોતમદાસ સુરચંદ
૬૧ ,, કેશવજીભાઈ નેમચંદ
૬૨ ,, હાથીભાઈ ગુલાબચંદ
૬૩ ,, અમૃતલાલ ફુલચંદ
૬૪ ,, પોપટલાલ કેવળદાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૫ શ્રી ભગુભાઇ ચુનીલાલ
૬૬ ,, વનમાળીદાસ ઝવેરચંદ
૬૭ ,, બકુભાઇ મણીલાલ
૬૮ ,, ખીમચંદ મોતીચંદ
૬૯ ,, ચીમનલાલ ડાયાભાઇ
૭૦ ,, રમણલાલ જેશીંગભાઇ
૭૧ ,, મગનલાલ મૂળચંદ
૭૨ ,, નરોતમદાસ શામજીભાઈ
૭૩ ,, કેશવલાલ બુલાખીદાસ
૭૪ ,, મોહોલાલ મગનલાલ
૭૫ ,, ચીમનલાલ મગનલાલ
૭૬ ,, રતિલાલ ચત્રભુજ
૭૭ ,, પોપટલાલ ગીરધરલાલ
૭૮ ,, કાંતિલાલ હીરાલાલ કુસુમગર
૭૯ ,, લાલભાઇ ભોગીલાલ
૮૦ ,, સાકરલાલ ગાંડાલાલ
૮૧ ,, હરખચંદ વીરચંદ
૮૨ ,, ચંદુલાલ વર્ધમાન
૮૩ ,, છોટાલાલ ભાઇચંદ
૮૪ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ
૮૫ શ્રી મનમોહનદાસ ગુલાબચંદ
૮૬ ,, કાંતિલાલ રતિલાલ
૮૭ ,, નૌતમલાલ અમૃતલાલ
૮૮ ,, જયંતિલાલ રતનચંદ
૮૯ ,, ભાણજીભાઈ ધરમશી
૯૦ ,, પાનાચંદ ડુંગરશી
૯૧ ,, નાનકચંદ રીખવચંદ
૯૨ શ્રીમતી કમળાબેન કાંતિલાલ
૯૩ શ્રી રમણલાલ નગીનદાસ
૯૪ ,, કપુરચંદ નેમચંદ
૯૫ ,, મંગળદાસ ગોપાળદાસ
૯૬ ,, રાયચંદ લલ્લુભાઈ
૯૭ ,, છોટુભાઇ રતનચંદ
૯૮ ,, હરગોવનદાસ રામજીભાઈ
૯૯ ,, નવીનચંદ્ર છગનલાલ
૧૦૦ ,, નવીનચંદ્ર જયંતિલાલ
૧૦૧ શ્રી શરદભાઇ જયંતિલાલ
૧૦૨ ,, તુલશીદાસ જગજીવનદાસ
૧૦૩ ,, નાનચંદ જુઠાભાઈ
૧૦૪ ,, ચંદુલાલ પુનમચંદ
૧૦૫ ,, સૌભાગ્યચંદ નવલચંદ
૧૦૬ ,, ચંપકલાલ કરશનદાસ
૧૦૭ ,, અમૃતલાલ ડાહ્યાભાઈ
૧૦૮ ,, મહીપતરાય વૃજલાલ
૧૦૯ ,, પોપટલાલ નરોત્તમદાસ
૧૧૦ ,, ગુલાબચંદ લાલચંદ
૧૧૧ ,, મનુભાઈ વીરજીભાઇ
૧૧૨ ,, ચંદુલાલ નગીનદાસ
૧૧૩ ,, મુળજીભાઇ જગજીવનદાસ
૧૧૪ ,, ચુનીલાલ ઝવેરચંદ
૧૧૫ શ્રીમતી લાછબાઇ મેઘજીભાઇ
૧૧૬ શ્રી સુખલાલ રાજપાળ
૧૧૭ ,, સુંદરલાલ મુળચંદ
૧૧૮ ,, પ્રાણજીવન રામચંદ
૧૧૯ ,, શાંતિલાલ સુંદરજી
૧૨૦ ,, પ્રાણલાલ કે. દોશી
૧૨૧ ,, ખાંતીલાલ લાલચંદ
૧૨૨ ,, ચીમનલાલ ખીમચંદ
૧૨૩ ,, ભોગીલાલભાઇ જેઠાલાલ
૧૨૪ શ્રીમતિ કંચનબેન ભોગીભાઈ
૧૨૫ શ્રી જયંતભાઇ માવજીભાઇ
૧૨૬ ,, ખુમચંદભાઇ રતનચંદ
૧૨૭ ,, સવાઈલાલ કેશવલાલ
૧૨૮ ,, નંદલાલ રૂપચંદ
૧૨૯ ,, જાદવજીભાઈ લખમશી
૧૩૦ ,, બાવચંદભાઇ મંગળજી
૧૩૧ ,, પોપટલાલ નરશીદાસ
૧૩૨ ,, ફુલચંદભાઇ લીલાધર
૧૩૩ ,, જીવરાજભાઇ નરભેરામ
૧૩૪ ,, માણેકલાલ ઝવેરચંદ
૧૩૫ ,, પ્રાણલાલભાઇ મોહનલાલ
૧૩૬ ,, હરસુખલાલ ભાઈચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૭ શ્રી ચંદુલાલભાઈ વનેચંદ
૧૩૮ ,, મનસુખલાલ હેમચંદ
૧૩૯ ,, પોપટલાલ મગનલાલ
૧૪૦ ,, કાંતિલાલ હરગોવન
૧૪૧ ,, અમૃતલાલ કાળીદાસ
૧૪૨ ,, કાંતીલાલ ભગવાનદાસ
૧૪૩ ,, નગીનદાસ અમૃતલાલ
૧૪૪ ,, પોપટલાલ નગીનદાસ
૧૪૫ ,, ચીમનલાલ નગીનદાસ
૧૪૬ ,, દીપચંદભાઈ એસ. ગાડી
૧૪૭ ,, વાડીલાલભાઈ ચત્રભુજ
૧૪૮ ,, પન્નાલાલભાઈ લલ્લુભાઇ
૧૪૯ ,, તલકચંદભાઇ દામોદરદાસ
૧૫૦ શ્રીમતિ ભાનુમતીબેન વાડીલાલ
૧૫૧ શ્રી નાનચંદભાઈ તારાચંદ
૧૫૨ ,, હીરાલાલ જુઠાભાઈ
૧૫૩ ,, નારણજી શામજીભાઇ
૧૫૪ ,, વીરચંદ મીઠાભાઇ
૧૫૫ શ્રીમતિ અંજવાળીબેન બેચરદાસ
૧૫૬ શ્રી પ્રભુદાસ રામજીભાઈ
૧૫૭ ,, જયંતીલાલ એચ.
૧૫૮ ,, વૃજલાલ રતિલાલ
૧૫૯ શ્રી ચીમનલાલ હરીલાલ
૧૬૦ ,, વિજેન્દ્રભાઇ હીંમતલાલ
૧૬૧ ,, શાંતિલાલ બેચરદાસ
૧૬૨ ,, શામલજી ફુલચંદ
૧૬૩ ,, વૃજલાલ રતિલાલ
૧૬૪ ,, પ્રભુદાસ મોહનલાલ
૧૬૫ ,, નાનચંદ મુળચંદ
૧૬૬ ,, પ્રવિણચંદ્ર ફુલચંદ
૧૬૭ ,, ગીરધરલાલ જીવણભાઈ
૧૬૮ ,, મનસુખલાલ ચીમનલાલ
૧૬૯ ,, સુંદરલાલ ઉત્તમચંદ
૧૭૦ ,, દલીચંદ પુનમચંદ
૧૭૧ ,, કાંતિલાલ જીવરાજ
૧૭૨ ,, છોટાલાલ જમનાદાસ
૧૭૩ ,, પ્રતાપરાય બેચરદાસ
૧૭૪ ,, જસુભાઈ ચીમનલાલ
૧૭૫ ,, મનમોહનદાસ ફુલચંદ તબોળી
૧૭૬ ,, મગનલાલ જેઠાભાઈ શાહ
૧૭૭ ,, રમણલાલ મંગળદાસ શાહ
૧૭૮ ,, શત્રુંજય મહાતીર્થ પદ યાત્રા સંઘ સમિતિ
૧૭૯ ,, પ્રતાપરાય અનોપચંદ મહેતા

નાની અને જુવાન ઉમરમાં ખાવા–પીવાની જે આદતો પડી ગઈ હોય છે, તેના કારણે મરવાની તૈયારી છે છતાંએ સોપારીનો ટૂકડો ખાવો છે, બીડીની ફૂંક મારવી છે, હોટલની સેન્ડવીચ ખાવી છે અને બેટા, જમાઈ, પૌત્ર અને બેટીના બેટા અને બેટીઓને જોવાની તમન્ના ઓછી થઈ નથી. અને કેટલાએ કમભાગ્ય જીવોને આનાથી પણ વધારે આગળ વધી ગએલા આપણે જોઇએ છીએ. તેઓ પોતાના પુત્રને કહે છે કે, 'બેટા! મારા મર્યા પછી પણ તારા કાકાના ઘરનું પાણી પીઈશ નહીં. બીજો વકીલ રાખજે પણ તારા કાકાના કપડાં–દાગીનાં ભર બજારમાં લીલામ કરાવીને જ જંપજે.'

—'શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ–ભાગ બીજા' માંથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કુમારપાળ દેસાઇને પી.એચ.ડી.ની પદવી

શ્રી કુમારપાળભાઈ ભાવનગરની સાહિત્ય સંસ્થા શ્રી યશોવિજય ગ્રંથમાળાના માનદ્ મંત્રી પણ છે અને આત્માનંદ સભાના માસિક "આત્માનંદ પ્રકાશ"માં વખતો વખત તેમની વાર્તા તથા મનનીય લેખો પણ પ્રગટ થતા રહે છે. અમે તેમને હાર્દિક અભિનંદન આપીએ છીએ અને તેમના કાર્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે એવી શુભેચ્છા પાઠવીએ છીએ. -તંત્રી

ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક શ્રી કુમારપાળ દેસાઇને એમના "આનંદઘન : એક અધ્યયન" નામના મહાનિબંધ માટે ગુજરાત યુનિવર્સિટીએ પી.એચ.ડી ની ડિગ્રી એનાયત કરી છે આમાં તેઓએ ગહન તત્ત્વજ્ઞાન અને રહસ્યવાદથી પરિપૂર્ણ સ્તવનો અને પદો લખનાર અધ્યાત્મયોગી આનંદઘનના જીવન અને કવન અંગે નવીન પ્રકાશ પાડતું સંશોધન અને વિવેચન કર્યું છે. આનંદઘનનાં સ્તવનોની સૌથી જૂની પ્રતો પરથી તૈયાર કરેલી પ્રશિષ્ટ વાચના, એનું ભાષાંતર, ભાષા સ્વરૂપ, રાગ અને દેશી વિશે વિસ્તૃત સમાલોચના આપી છે. હસ્તપ્રતોમાંથી મેળવેલી આનંદઘનજીની ઘણી અપ્રગટ રચનાઓ, અન્ય કવિઓ સાથેની તુલના તેમજ જૈન ફિલસૂફી સાથેનો શબ્દકોશ પણ આપ્યો છે નવગુજરાત કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કામગીરી બજાવતા શ્રી કુમારપાળ દેસાઇએ પંદર પુસ્તકો લખ્યા છે અને એમાંથી એમનાં ચાર પુસ્તકોને ભારત સરકારના અને ત્રણ પુસ્તકોને ગુજરાત સરકારના પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

*With best compliments from :*

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364001
(Gujarat)

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંસાને આડકતરૂં અનુમોદન, આમાંથી કેટલે અંશે બચી શકાય?

[ આ લેખ વાંચીને વાચકોને સમજાશે કે આપણી રહેણી કરણીમાં થોડોક ફેરફાર કરવાથી ઘણી મોટી હિંસાથી આપણે બચી શકીએ અને 'થોડીક સગવડ' ઓછી કરવાથી ઘણી હિંસાથી બચી શકીએ. આ અંગે વિશેષ માહીતી માટે આ લેખના અંતે આપેલ સરનામે પૂછાવવું. ]

આપણે જૈન તરીકે સૂક્ષ્મ અહિંસાનો આગ્રહ સેવીએ છીએ. તમામ જીવો અને પ્રાણી માત્ર પ્રત્યે દયા, કરૂણા અને કોઇને પણ જરાય સરખું દુઃખ ન થાય-તેમની લાગણી ન દુભાય એ માટે હંમેશા આપણા પ્રયાસો હોય છે. જૈન ધર્મના આ પાયાના સિદ્ધાંતો છે. અહિંસા એ તો જૈન ધર્મનું પ્રથમ સોપાન છે. આમ છતાં કેટલીક વખત અહિંસાના ગર્ભીત અર્થને સમજવામાં અને તેનું પાલન કરવામાં આપણે નિષ્ફળ જઇએ છીએ. તેમાં મુખ્ય દોષરૂપ આપણું અજ્ઞાન છે એટલે તદ્દન અજાણપણે, અજ્ઞાનવસ્થામાં આપણે હિંસાને આડકતરૂં અનુ. મોદન આપી દઇએ છીએ. રોજબરોજના આપણા જીવન વ્યવહારમાં આપણે એવી કેટલીયે ચીજો વાપરીએ છીએ જે અહિંસાના સિદ્ધાંત સાથે સુસંગત નથી આવી રૂપાળી, આકર્ષક અને દિલ બહેલાવે એવી ચીજવસ્તુઓ કયાંથી અને કેવી રીતે મેળવાય છે, તે માટે પ્રાણીઓ પ્રત્યે કેવી ક્રુરતા આચરવામાં આવે છે અને હિંસાનું કેવું ક્રુર તાંડવ ખેલાય છે એનો જરા સરખો પણ ખ્યાલ આપણને આવે તો આ રૂપકડી ચીજો પ્રત્યે આપણા મનમાં ભારોભાર નફરત અને ધૃણા ઉભી થઇ જાય અને અત્યાર સુધી આ ચીજો વાપરીને વહોરેલા પાપ માટે પસ્તા. વાનો પાર રહે નહિ અને આ માટે અંતઃકરણ પૂર્વકનું પ્રાયશ્ચિત કરવા સિવાય બીજો કોઇ આરો રહે નહિ.

અહિંસાના સાચા ઉપાસકો પોતાના જીવ. નમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હિંસાથી દૂર રહે અને હિંસાને આડકતરૂં પણ અનુમોદન ન આપે, તે માટે લોકોને સાચી સમજ આપવાનો અને તેમનું આ અંગેનું અજ્ઞાન દૂર કરવાનો આપણે સૌએ પ્રયાસ કરવો જરૂરી છે.

વિજ્ઞાન, આધુનિક સંસ્કૃતિ અને નવા આવિષ્કારોએ માનવીને તેના રહનસહનમાં બહે. કાવી દીધો છે. આધુનિકતાના દેખાવ અને ક્ષણિક સુખની ખોજમાં માનવી જાણયે અજાણ્યે અયોગ્ય રસ્તે ઘસડાતો જાય છે ધર્મના મૂળભૂત સિદ્ધાંતો આચારો અને વિચારો પ્રત્યે ઉભી થયેલી વિમુખતા આનું મૂળ છે. આપણે આ અંધકાર-માંથી પ્રકાશ તરફ પાછા ફરીએ. દરેક વસ્તુને આપણે તેના ખરા અર્થમાં અને સાચા અર્થમાં અને સારા સંદર્ભમાં સમજીએ અને તેને યોગ્ય રીતે મૂલવીએ એ અત્યંત જરૂરી છે.

આપણા રોજબરોજના જીવનમાં અહિંસાનું વધુમાં વધુ પાલન થાય, આ મૂળભૂત ઉદ્દેશથી જિજ્ઞાસુ ભાઇ-બહેનોની જાણકારી માટે જુદી જુદી વપરાશની અને મોજશોખની ચીજો અને સૌંદર્યપ્રસાધનો માટે, પશુ પક્ષીઓ અને જળ-ચર જીવો પ્રત્યે કેવી ક્રુરતા આચરવામાં આવે છે તેનો ખ્યાલ અને આ હિંસક વસ્તુઓની યાદી અહીં આપવાનો પ્રયાસ કરાયો છે.

પૂર્ણ શાકાહારીઓ પણ અજાણતા કેટલીક વસ્તુઓનો ઉપયોગ કરે છે જેમાં જીલેટિન, ચરબી, ઇંડા જેવી અનેક ચીજો વપરાયેલી હોય છે. એવી અખાદ્ય અને વાપરી ન શકાય એવી કેટલીક વસ્તુઓના નામો અહીં રજુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવામાં આવ્યા છે, પરંતુ આ સિવાય બીજી ઘણી ચીજો પણ વર્જ્ય હોઈ શકે.

આ માહિતી "બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી" (ક્રુરતાહિન સૌંદર્ય) સંસ્થા તથા અન્ય ભાઈ-બહેનો પાસેથી મેળવી છે, તે બદલ તેઓ સર્વેનો આભાર. આપ સૌને આ જાણકારી અને માહિતી માર્ગદર્શકરૂપ અને ઉપયોગી બનશે એવી આશા.... સાથે અહિંસાનો વધુ અને વધુ પ્રચાર થાય તેવી અભ્યર્થના.

ખાદ્ય પદાર્થો બાબત :

કેટલીક ચોકલેટમાં ઇંડા આવે છે. ખાસ કરીને પરદેશી ચોકલેટ, બિસ્કિટ કે કોઈપણ ખાદ્ય પદાર્થ વાપરતી વખતે તેનાં લેબલ વાંચી લેવા જેમાં બનાવવા માટે વપરાયેલી વસ્તુઓના નામ આપેલ હોય છે. આપણે ત્યાં પણ ચકાસણી કરી લેવી સારી.

ભારે બ્રેડમાં ઇંડા હોઈ શકે. વળી બ્રેડની ઉપરનું પડ ચમકવાળું હોય, તો તે ઇંડાવાળું હોઇ શકે. બ્રેડ વાપરતાં પહેલાં બનાવનારને પૂછી ખાત્રી કરી લેવી જરૂરી છે.

સાંભળ્યું છે કે બજારમાં મળતી સુરતી પડવાળી બિસ્કિટ કે તેવા બીજા કોઇ બિસ્કિટો પ્રાણીજ ચરબીમાં બનતા હોવાની શકયતા છે. બજારમાં મળતા કાજુ, વેફર જેવી વસ્તુઓ પણ ચરબીમાં તળાયેલી હોવાની શકયતા છે.

બજારમાં મળતી કેક ઇંડા વગરની હોય તેવું જાણમાં નથી. ઇંડાને દૂધની જેમ શાકાહારમાં ગણી ન શકાય. જો કે આજકાલ અહિંસક ઇંડા મળે છે, પણ કોણે કઇ કેકમાં કયા ઇંડા વાપર્યા હોય તે આપણને ખબર ન પડે, વળી

(૧) અહિંસક ઇંડા મેળવવા માટે મરઘીને તેનુ કુદરતી જીવન જીવવા દેવામાં આવતું નથી.

(૨) ઇંડાની જાત સારી કરવા માટે મરઘીને માછલાનો ભૂક્કો ખોરાકમાં અપાય છે.

(૩) અને જયારે તે ઇંડા ઓછા આપે છે, ત્યારે તેની કતલ થાય છે. તેથી અહિંસક ઇંડા જીવ વગરના હોય તો પણ અહિંસક ન જ કહી શકાય.

જેમ ઇંડાની જાત સારી કરવા મરઘીને માછલાનો ભૂક્કો મેળવેલો ખોરાક ખવરાવાય છે, તેમ ડેરીની ગાય-ભેંસને પણ "ફીશમીલ" (માછલાનો ભૂક્કો) અને "બોનમીલ" (હાડકાનો ભૂક્કો) ખવરાવાય છે. સોયાબીનનું દૂધ શુદ્ધ શાકાહારી છે.

કેટલાકનો એ ખ્યાલ બરાબર નથી કે શાકાહાર વધવાથી અન્નની અછત થશે. ઉલટાનું માંસાહાર વધવાથી અન્નની અછત થાય છે કારણ કે એક રતલ માંસ મેળવવા ૭-૮ રતલ ચારો ઢોરને ખાવો પડે છે. આ ચારા માટે ખાસ જમીન રાખવી પડે છે અને અમેરિકા જેવા દેશમાં તો ઢોરને ખવરાવવા ખાસ અનાજ પેદા કરવા હજારો એકરના ખેતરો હોય છે. (એક માંસાહારીને જીવવા માટે ૬ એકર જમીન પર અનાજ પેદા કરવું પડે છે-ભૂમિપુત્રમાંથી)

દવા અને સૌંદર્ય પ્રસાધનો બાબત :

કોઇપણ જાતની દવા હોય-(એલોપેથી, આયુર્વેદિક હોમીઓપેથીક કે યુનાની) તેમાં પ્રાણીજન્ય દ્રવ્ય વપરાએલ હોવાની શકયતા હોય ખરી, પુરી ખાત્રી કર્યા વીના વાપરવી નહિં એવી સલાહ છે.

દવા અને સૌંદર્ય પ્રસાધનોની વસ્તુનું પરિક્ષણ પ્રાણીઓ પર અતિક્રુરતાથી કરવામાં આવે છે કે જેમાં પ્રાણીઓ ખૂબ જ દુઃખ ભોગવે છે, પછી તેને મારી નાખવામાં આવે છે. દા. ત. શેમ્પુનું પરીક્ષણ સસલાની આંખ પર કરાય છે અને થોડા દિવસો સુધી કાળી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બળતરા સહન કર્યાં પછી તે જ્યારે આંધળું બને છે, ત્યારે તેને મારી નાખવામાં આવે છે.

ખાદી ભંડારમાં મળતી દરેક ચીજો અહિંસક હોવાની ખાત્રી નથી, કારણુ કે ત્યાં હાથીદાંત, શિંગડા, રેશમ, ચામડા( પર્સ, હેન્ડબેગ, સૂટકેસ અને પટ્ટા વગેરે)ની ચીજો મળે છે, જે અહિંસક હોવાની શકયતા નથી.

કોઇપણ સુગંધિત દ્રવ્ય માટે કંઇ હિંસક વસ્તુ વપરાય છે કે તેની ખાતરી કરી લેવી જોઇએ. દા. ત. પાનમાં વપરાતી સુગંધીત વસ્તુઓ, સુગંધી સોપારી, સુગંધી તમાકુઓ વગેરેમાં કસ્તુરી અંબર જેવા પ્રાણીજ દ્રવ્ય વપરાયાની શકયતા હોઇ શકે છે.

**ખાદ્ય પદાર્થો વગેરે :**

| મુખ્ય વસ્તુ | તેમાંથી બનતી ચીજો | ક્રૂરતાભર્યું પ્રાપ્તિસ્થાન |
|---|---|---|
| ચરબી-( ટેલો ) | કેટલાંક બીસ્કીટ, કાજુ, વેફર તળવામાં, સાબુમાં, રાંધવા માટે ગ્લીસરીન માટે, સુતરાઉ કાપડની મીલોમાં વગેરે. | કતલ થતા ઢોરમાંથી મળે છે. |
| ચરબી (ફેટ) | —,,— | કોઇ પણ પ્રાણીની કતલથી મળે છે. |
| ચરબી ( લાર્ડ ) | —,,— | કતલ થતા ડુક્કરમાંથી મળે છે. |
| તેલ | દવા, ખોરાકની ચીજો, સૌંદર્ય પ્રસાધનો વગેરે | માછલા (વ્હેલ-કૉડ જેવા), કતલ થતાં ઢોર, ડુક્કરમાંથી મળે છે. (વનસ્પતિ તેલ હોઇ શકે છે.) |
| કેલ્શીયમ | દવા, ખાવાની વસ્તુમાં ભેળવાય છે. | હાડકા, છીપમાંથી મળે છે. (ચૂનાના પથ્થરમાંથી પણ મળે). |
| પ્રોટીન | દવા, ખાવાની વસ્તુમાં ભેળવાય છે. | માંસમાંથી મળે છે. (કઠોળ આદિ વનસ્પતિમાંથી પણ મળે.) |
| ઇન્સ્યુલીન | દવામાં આવે છે. | કતલ કરેલાં ઘેટાં-બકરાનાં આંતરડાંનો રસ છે. |
| લીવર એકસ્ટ્રેકટ | —,,— | કતલ કરેલા ઢોરના હોય. કૉડ વગેરે માછલામાંથી પણ મળે છે. |
| જીલેટીન | કેપસ્યુલ માટે, દવામાં, નરમ રબર જેવી પીપરમેન્ટ, કેટલાક આઇસ્ક્રીમ તથા સ્ટીક, આઇસકેન્ડી વગેરેમાં આવે છે. | કતલ કરેલા ઢોરના હાડકામાંથી નીકળતો રસ છે. |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| મુખ્ય વસ્તુ | તેમાંથી બનતી ચીજો | ક્રુરતાભર્યું પ્રાપ્તિસ્થાન |
|---|---|---|
| અહિંસક ઇંડા ! | કેક, કેટલીક બ્રેડ, ચોકલેટ, બીસ્કીટ, મેયોનીઝ, વ્હાઈટ સોસ, દવા, પૌષ્ટીકતા વધારવા માટે, દુધને સ્વાદીષ્ટ બનાવતા કેટલાક પાવડરો, કેટલાક કસ્ટર્ડ પાઉડર તથા શેમ્પુ વગેરેમાં વપરાય છે. | મરઘીનું અકુદરતી જીવન, મરઘીને અપાતો માછલાનો ભૂક્કો, નકામી મરઘીની થતી કતલ, આ કારણોસર આ ઇંડા અહિંસક ન ગણાય. |
| કેક | — | ઈંડા વપરાય છે. |
| બ્રેડ (પાંઉ) ભારે જાતના | — | ઈંડા વપરાવાની શક્યતા છે. |
| બિસ્કિટ | — | ઈંડા, ચરબી, ચીઝ વગેરે હોઇ શકે છે. |
| કેપસ્યુલ (દવાની ગોળી) | — | જીલેટીનની બને છે. |
| કસ્ટર્ડ પાવડર (કેટલાક) | — | ઈંડા હોઈ શકે. |
| સુપ (કેટલાક) | — | બ્રાથ અથવા સ્ટોક નાખીને બનાવવામાં આવે છે. |
| રેશમ (પ્યોર સીલ્ક) | સાડી, શર્ટીંગ, મોજાં, રૂમાલ, ફરનીચર કવર, પડદા, ગાલીચા, મોતી બાંધવા માટે, ઓપરેશન પછી ટાંકા માટે, પૂજા માટે રેશમી વસ્ત્રો વગેરે | ૧૦૦ ગ્રામ રેશમી કાપડ માટે ૧૫૦૦ કોશેટાને ઉકાળીને મારવાથી મળે. |
| શેમ્પુ | — | પ્રાણીજ પરફ્યુમ અને ગ્લીસરીન સંભવે. |
| સાબુ (નાહવાનો) | — | મટન ટેલો અથવા લાર્ડ, પ્રાણીજ પરફ્યુમ, ગ્લીસરીન સંભવે. |
| સાબુ (ધોવાનો) | — | પ્રાણીજ પરફ્યુમ, લાર્ડ અથવા મટન ટેલો સંભવે. |

અહીં તો સ્થળ સંકોચને કારણે થોડીક માહિતી આપી છે. ઉપરની માહિતી સિવાય આપને કોઈ બીજી માહિતી જોઇતી હોય તો નીચેના સરનામે પૂછાવશો અને આપની પાસે આ સિવાય કોઈ માહિતી હોય તો અમોને જરૂર જણાવશોજી. મુંબઇ સમાચારનાં બુધવારનાં પ્રગટ થતા છાપામાં "સૌંદર્ય પામતાં પહેલાં...." એ પણ વાંચતા રહેશો. આ કાર્યમાં આપ કોઈ પણ પ્રકારનો સહકાર આપી શકો તેમ હોય તો જરૂર જણાવશોજી.

MISS DIANA RATNAGAR
Chairman : Beauty Without Cruelty,
4, Prince of Wales Drive,
Wanowrie, POONA-411 001

MISS NALINI MEHTA
23, Zaver Mahal, Marine Drive,
BOMBAY-400 020

SHRI PRAVINCHANDRA S. SHAH
4, Samta, Hingwala Lane,
Ghatkopar, BOMBAY-400 077



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભગવતી સૂત્ર સાર-સંગ્રહ અંગે

# બે મહત્વના પત્રો

[ શ્રી ભગવતી સૂત્ર સાર-સંગ્રહ ભાગ ૧-૨ના પ્રકાશન અને લેખનમાં સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલભાઈ તથા વિદ્વાન લેખક પૂજ્ય પં. શ્રી પૂર્ણાનંદવિજયજીનાં આધ્યાત્મિક સંબંધે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, તે આ બે પત્રોથી જાણી શકાશે. વળી બન્ને મહાનુભાવોની આધ્યાત્મિક ભૂમિકાની ઉચ્ચ સ્થિતિનું સુભગ દર્શન પણ થાય છે; તેથી તે પત્રો અહીં પ્રગટ કરીએ છીએ. ]

## પત્ર-વ્યવહાર

શાંતાક્રુઝ
સં. ૨૦૩૨, ફાગણ વદ ૪

દર્શન-જ્ઞાન-ચારિત્રોપાસક, કલ્યાણ મિત્ર,
ભાઈ મનસુખલાલ મહેતા,

ધર્મલાભ સાથે જણાવતા ઘણો જ આનંદ થાય છે કે, મારાથી વિવેચિત ભગવતી સૂત્ર સાર-સંગ્રહ ભાગ પહેલાનું પ્રકાશન બોરીવલી મુકામે જે થયું તે માટે તમારો સક્રિય સહકાર મેળવીને મને ઘણી જ પ્રસન્નતા થઇ છે.

હવે બીજો ભાગ તૈયાર થઈ રહ્યો છે, આઠમું શતક લખાઈ રહ્યું છે. જ્યારે શાંતાક્રુઝ આવશો ત્યારે પ્રકાશન માટેની વાતો કરીશું....

—પં. પૂર્ણાનંદવિજય

× × ×

આદરણીય અને વંદનીય
પૂજ્ય પં. પૂર્ણાનંદવિજયજી મહારાજ,

સાદર વંદના સાથે લખવાનું કે, પાર્લાના ઉપધાન પતાવીને આપશ્રી શાંતાક્રુઝ આવ્યા છો તેથી આનંદ થયો. કંઈક અસ્વસ્થ હોવાના કારણે તમને મળવા માટે ૨-૩ દિવસનો વિલંબ થશે તો ક્ષમા....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમારા જીવન માટે હું કલ્યાણ મિત્ર બન્યો હોઉં કે ભવિષ્યમાં બનવા પામું તે વાત મારા જેવા ગૃહસ્થને માટે ગૌરવ લેવા જેવી છે. તમારી મારી મિત્રતા ભવાંતરમાં પણ ઉદિત થાય તે સિવાય મારે બીજું કંઈપણ જોઇતું નથી.

ભગવતીસૂત્ર સાર સંગ્રહનો પ્રથમ ભાગ સમાપ્ત થઈ ગયો છે. આશા છે કે તેની બીજી આવૃત્તિ પણ છપાવીએ. મળીશું ત્યારે વિચારીશું....

તમે બીજો ભાગ પણ તૈયાર કર્યો તે જાણીને ઘણો જ આનંદ થયો છે. આટલા ટૂંકા સમયમાં તમે બીજો ભાગ તૈયાર કરી રહ્યા છો, તે ગૌરવ લેવા જેવું છે.

મુંબઇ ( મોહમયી ) જેવી પ્રવૃત્તિપ્રધાન નગરીમાં આપશ્રી પોતાનો સ્વાધ્યાય પ્રેમ ટકાવી શકયા છો, અનેક ભક્તોની વચ્ચે પણ સમાજને સાહિત્યિક અમૂલ્ય ભેટ આપી રહ્યા છો, તે માટે સમાજ તમારો ઋણી છે. અગાધ અને અગમ્ય એવા ભગવતી સૂત્ર ઉપરનું વિવેચન તમારામાં રહેલી શ્રુતભક્તિ અને વિશાળ જ્ઞાનનો પરિચય આપે છે.

પ્રશ્નોત્તરથી પ્રારંભ કરીને તમે દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી સૂત્રના ૧૧ શતક સુધીનું જે વિવરણ અને ઘણા સ્થળે તે તે વિષયોને સ્પષ્ટ કરવા માટે જે વિવેચન કર્યું છે તે જોયા પછી મને અનુમાન છે કે મંદિરમાર્ગી સમાજમાં આપશ્રીનો પરિશ્રમ સૌથી પ્રથમ છે. મારી સલાહ છે કે આ બીજા ભાગમાં હવે આગળ વધશો નહીં. કેમકે લગભગ ૫૦૦–૬૦૦ પેજથી વધારે પેજ ન થાય એ ઇચ્છનીય છે.

“ માનો ન માનો તમારી આંખોમાં કંઇક ફેરફાર દેખાઈ રહ્યો છે. ” આ શબ્દો આપશ્રીએ મને ઘણી જ વાર લાગણીપૂર્વક કહ્યા હતા. પણ જવાબમાં આપશ્રીને હું શું લખી શકું ? કેમકે મારા જીવનનો મને વિશ્વાસ છે, સંતોષ છે. જેવો હું આજે છું તેવો જ જુવાન વયમાં હતો. પ્રેમાળ પત્ની, પ્રેમાળ કુટુંબ અને સાથીઓ ઉપરાંત તમારા જેવા ભદ્રિક મુનિનું સાન્નિધ્ય મળ્યું છે. મારે હવે શું જોઇએ ? બસ, એટલું જ કે જૈન શાસન એ જ મારા પ્રાણ છે. અંતિમ ઘડીની પણ તૈયારી કરી લીધી છે.

આપશ્રી જેવા આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓના આશીર્વાદ જ મારી મૂડી છે અને તે મેળવી શકયો છું.

છેવટ બીજા ભાગનું પ્રકાશન પણ હું જોઈ શકું તે માટે આશા રાખતો....

સં. ૨૦૩૨ લી.
ફાગણ વદ ૮ મનસુખલાલ તારાચંદ મહેતા
ઋષભદેવ જન્મકલ્યાણક ના વંદન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ● સ્વીકાર સમાલોચના ●

શ્રી ભગવતી સૂત્ર સાર-સંગ્રહ ભાગ બીજો.

લેખક : ન્યાય-વ્યાકરણ-કાવ્યતીર્થ પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ.

પ્રકાશક : શ્રી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ
C/o શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાળા
પો. સાડંબા (સાબરકાંઠા)
વાયા-ધનસુરા (એ.પી. રેલ્વે)

મૂલ્ય : આઠ રૂપિયા.

આ ગ્રંથનો પહેલો ભાગ ટૂંક સમયમાં જ ખપી ગયો અને તેની બીજી આવૃત્તિ છપાવવી પડી, તે આ પુસ્તકની લોકપ્રિયતાનો પુરાવો છે. પહેલા ભાગ જેટલી જ ચીવટથી પૂરો શ્રમ લઈને વિદ્વાન પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજીએ આ બીજો ભાગ તૈયાર કરેલ છે. તેમની ભાષા સચોટ અને આબાલ-વૃદ્ધ સૌને સમજાય તેવી સરળ છે. ગહન વિષયને પણ સરળ બનાવી સુંદર દૃષ્ટાંતો આપી સમજાવવાની પૂજ્ય મુનિશ્રીમાં અજોડ શક્તિ છે. વિદ્વદ્વર્ય શેઠશ્રી અમૃતલાલ તારાચંદ દોશીએ સાચું જ કહ્યું છે કે "પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજની વિદ્વત્તા વિષે લખવું એ "હાથ કંગનકો આયનેકી કયા જરૂરત" એના જેવું છે. તેઓશ્રીએ પોતાના જીવનને દીક્ષા લીધી ત્યારથી જ અધ્યયનમય બનાવ્યું છે, પરિણામે તેઓ કલકત્તા યુનિવરસિટીના ત્રણ વિષયમાં તીર્થની પદવી પ્રાપ્ત કરી હોવા ઉપરાંત જૈન શાસ્ત્રોના મહાન અભ્યાસી છે. અને તેથી જ ભગવતી સૂત્ર જેવા પોતાના ગુરુના અનુવાદ ઉપર તેઓશ્રીએ અભ્યાસપૂર્ણ અને સર્વજનગમ્ય માર્મિક વિવેચન લખ્યું છે, જેની વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે.

પુસ્તકનું ગેટ અપ, ટાઇટલ પ્રીન્ટીંગ વગેરે પણ કલાત્મક અને સુંદર છે. મુખપૃષ્ટ ઉપરતું સમવસરણનું ચિત્ર તેની શોભામાં વધારો કરે છે પુસ્તક આબાલ-વૃદ્ધ સૌને ઉપયોગી અને સમજવામાં સરળ છે.

*

આચારાંગસૂત્રમ્ ભાગ-૧લો

સંપાદક : મુનિશ્રી જંબૂવિજયજી
સહાયક : મુનિશ્રી ધર્મચંદ્રવિજયજી
પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગષ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬

મૂલ્ય : ચાલીશ રૂપિયા

જૈન આગમ ગ્રંથમાળા ગ્રંથાંક બીજાના પહેલા ભાગ રૂપે આ ગ્રંથ પ્રસિદ્ધ થાય છે. આ સમગ્ર જૈન આગમ ગ્રંથમાળાનો પ્રારંભ શ્રુત-શીલવારિધિ મુનિ ભગવંત શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબની મુખ્ય રાહબરી નીચે અને વિદ્વદ્વર્ય શ્રી દલસુખભાઇ માલવણીયાજીના નિઃસ્વાર્થ સહયોગથી થયો હતો. 'શ્રી આચારાંગસૂત્ર'ના સંપાદન-સંશોધનનું કાર્ય પરમ પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજીએ સંભાળ્યું હતું. આ સૂત્રના સંપાદન અને સંશોધનનું કાર્ય ઘણું કઠિન અને મુશ્કેલ હોવા છતાં પૂ. મુનિશ્રી જંબૂવિજયજીએ ખૂબ જ ચીવટ અને શ્રમ લઈ એ સર્વાંગ સંપૂર્ણ બનાવવા પ્રયત્ન કર્યો છે. પૂજ્ય મુનિશ્રીનો સંશોધનકાર્યમાં ઊંડો રસ અને શાસ્ત્રનું તલસ્પર્શી જ્ઞાન આ બંને ગુણોએ આ ગ્રન્થ સંપાદનને ઉત્તમ કોટિનું બનાવ્યું છે.

અમો ભારતના દરેક જૈન સંઘને ખાસ ભલામણ કરીએ છીએ કે આવા ઉત્તમ કોટીના સંપાદિત સંશોધિત આગમોનું કાર્ય વારંવાર થવું મુશ્કેલ છે. તેથી આવા ગ્રંથોના અગાઉથી ગ્રાહક થઈ બે કે પાંચ નકલો પોતાના સંઘના પુસ્તકાલયમાં વસાવે જેથી વિદ્વાનોને અભ્યાસ માટે તે સુપ્રાપ્ય બને.

પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજીને અને પ્રકાશિકા સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આવા ઉત્તમ પ્રકાશન માટે હાર્દિક અભિનંદન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## ભગવતી સૂત્ર સાર-સંગ્રહ : ભાગ બીજાનો પ્રકાશન સમારોહ તથા અજિતશાન્તિ સ્તવ સ્પર્ધા

મુંબઈના શ્રી વિલેપારલે શ્વે. મૂર્તિ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ તરફથી એક સમારંભ તા. ૨૫-૯-૭૭ ભાદરવા સુદી ૧૩ ને રવિવારના પૂ. આચાર્યશ્રી લબ્ધિસૂરિજી તથા પૂ. પંન્યાસજી પૂર્ણાનંદવિજયજીની નિશ્રામાં યોજાયો હતો. આ સમારંભમાં વિદ્વાન પૂ. પં. શ્રી પૂર્ણાનંદવિજયજીએ તૈયાર કરેલ 'ભગવતી સૂત્ર સાર-સંગ્રહ : ભાગ બીજા'નો પ્રકાશન વિધિ થયેલ. તેમજ આ સમારંભમાં મુંબઈની જૈન ધાર્મિક શિક્ષણ સંઘ સંચાલિત મુંબઈની ધાર્મિક પાઠશાળાના વિદ્યાર્થીઓની "શ્રી અજિતશાન્તિ સ્તવ સ્પર્ધા" યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ શેઠશ્રી ખૂબચંદભાઈ વાલચંદભાઈ દોશીના શુભ હસ્તે થયેલ. ધર્મપ્રેમી ભાઈઓએ આ સમારંભમાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

## પાલિતાણા શ્રાવિકાશ્રમ સંસ્થામાં બહેનોએ કરેલ ઉગ્ર તપશ્ચર્યા

અત્રેની શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થાની બહેનોએ પર્વાધિરાજ પર્યુષણ પર્વની આનંદોલ્લાસપૂર્વક આરાધના કરેલ. આ પર્વ પ્રસંગે સંસ્થાની બહેનોમાં આ મુજબ તપશ્ચર્યા થયેલ : સોળ ઉપવાસ ૧, અગિયાર ઉપવાસ ૧૯, નવ ઉપવાસ ૪ અને આઠ ઉપવાસ ૫૦. કુલ મોટી તપશ્ચર્યા ૭૪ની થયેલ.

આ પર્વ પ્રસંગના અત્તરવારણા શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ વડસ્માવાળાના ધર્મપત્નિ મણિબેન તરફથી થયેલ અને પારણા સિંહોર નિવાસી શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ તરફથી કરાવવામાં આવેલ.

મહાવીરસ્વામી જન્મ વાંચનના પૂનિત દિને સાંડેરાવ જિનેન્દ્ર ભુવનમાં પૂ. મુનિશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજની શુભ નિશ્રામાં સંસ્થાની બહેનોએ સુપનની ઘીની બોલી બોલીને યથાશક્તિ લાભ લીધેલ તેમજ ઘોડીયાપારણું ઘરે લાવવાનું ઘી બોલીને આદેશ લીધેલ. આ નિમિત્તે સંસ્થામાં બહેનોએ ચાર દિવસ સુધી રાત્રીજગો, ભાવના ઇત્યાદિ કાર્યક્રમો સુંદર રીતે રજુ કરેલ.

સંવત્સરીના મહાન દિવસે પૂ. આ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. મુનિશ્રી કીર્તિપ્રભવિજયજી મહારાજ બારસા સૂત્ર વાંચના અર્થે સંસ્થામાં પધારેલ. આ સમયે સંસ્થાના સ્થાનિક કાર્યવાહકોની પણ હાજરી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાદરવા સુદ ૫ના પારણાના દિવસે પણ ઉપરોક્ત પૂજ્ય મુનિશ્રી તપસ્વી બહેનોને માંગલિક સંભળાવવા સવારના ૯-૩૦ કલાકે સંસ્થામાં પધારેલ અને બહેનોને માંગલિક સંભળાવેલ. આ પ્રસંગે સંસ્થાના સ્થા. સેક્રેટરી શ્રી સોમચંદભાઈ ડી. શાહે તપશ્ચર્યા અંગેનો અહેવાલ રજુ કરવાની સાથે તપસ્વી બહેનોની અનુમોદના કરતું પ્રાસંગિક પ્રવચન કરેલ. એ પછી પારણા કરાવવાનો લાભ લેનાર સિહોરવાળા શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરભાઈનું સ્થા. કાર્યવાહકો દ્વારા પુષ્પહારથી સન્માન કરવામાં આવેલ. સ્થા. સભ્યશ્રી વેણીલાલ પોપટલાલ દોશીએ શેઠશ્રી પ્રાગજીભાઈની ઉદાર ભાવનાને બિરદાવેલ. શેઠશ્રી ધરમશીભાઈ જાદવજી વોરાએ શેઠશ્રી પ્રાગજીભાઈનું દીર્ઘાયુષ ઈચ્છવા સાથે શાસનના કાર્યોમાં હજુ વધુને વધુ લાભ લેવા અનુરોધ કરેલ. સમારંભ પૂર્ણ થયા બાદ બહેનોને પારણા કરાવવામાં આવેલ. એકંદર આ વર્ષે પર્યુષણપર્વની આરાધના સુંદર રીતે પૂર્ણ થયેલ.

## કલકત્તામાં પર્યુષણ પર્વની આરાધના

અત્રે બિરાજમાન પરમ પૂ. આચાર્યશ્રી કનકચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં પર્યુષણપર્વની આરાધના ખૂબ ઉલ્લાસપૂર્વક થયેલ. કલ્પસૂત્રનું વાંચન ખૂબ ભાવભરી રીતે થતું હતુ અને તેનો લાભ શ્રોતાગણે ખૂબ ભાવપૂર્વક લીધો હતો. રૂા. ૨૫૫૧)ના બોલી બોલી આદેશ લઈ વહોરાવવાનો લાભ શેઠશ્રી મણીલાલ વનમાળીદાસે લીધો હતો. વળી આ ચાતુર્માસમાં પણ વિપાકસૂત્ર રૂા. ૭૦૧)ની બોલી બોલી શેઠશ્રી મણીલાલભાઈ તથા તેમના ધર્મપત્નીએ વહોરાવવાનો લાભ લઈ ખૂબ જ્ઞાનભક્તિ તેમજ ગુરુભક્તિ કરી હતી. આ ઉપરાંત સાધારણ ખાતું, જીવદયા ખાતું વગેરેમાં પણ શેઠશ્રીએ સારી રકમ વાપરી પર્યુષણપર્વની આરાધના કરેલ. પૂ. આચાર્યશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કરવાનો લાભ મોટી સંખ્યામાં ભાવિકોએ લીધો હતો.

લીમડાનું મૂળ, છાલ, ડાળ, પાંદડા અને છેવટે લીંબોડી પણ કડવી જ હોય છે. અને તે કડવી લીંબોડીમાંથી કોઈ કાળે પણ આમ્રફળ પાકવાના નથી....છતાં પણ તે કડવી લીંબોડી જ્યારે પાકી જાય છે ત્યારે તેમાં મીઠાશ આવે છે. તે જ પ્રમાણે, જુવાનીના રંગ ફીકા પડ્યા પછી તથા શાસ્ત્રોના અધ્યયન કે શ્રવણ પછી માણસ જેમ જેમ પાકટ બુદ્ધિનો થતો જાય તેમ તેમ તે ભાગ્યશાલીએ પણ પોતાના જીવનમાંથી કડવાશ, વૈરવૃત્તિ, મિથ્યાભિમાન અક્કડપણું, વિગ્રહબુદ્ધિ તેમજ બીજાઓને માફી મંગાવવાની દાનત પણ છોડી દેવી જોઈએ. તથા સંસાર મારી માફી માંગે તેનાં કરતાં હું જ સંસારની માફી માંગુ, મારો ગુરૂ મને નમવા આવે કે મનાવવા આવે તેનાં કરતાં હું જ ગુરૂચરણે નમી જાઉં અને તેમની વાતોને માન્ય કરૂં, આ પ્રમાણે તે ભાગ્યશાલીઓ સૌને મિચ્છામિદુક્કડં દઈ જીંદગીની છેલ્લી ક્ષણો મીઠી બનાવશે.

—પં. પૂર્ણાનંદવિજય (કુમારશ્રમણ)



For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દેના બેંકની
# બચત યોજનાઓ દ્વારા
## આપની ભાવિ જરૂરતો પૂરી કરો




### કૅશ સર્ટિફિકેટ

આપનું મૂડી રોકાણ ૧૦ વર્ષમાં લગભગ ત્રણગણું અને ૨૦ વર્ષમાં સાતગણાથી વિશેષ થઇ રહે છે.

### ફિક્સ્ડ ડિપોઝિટ્સ

આપ જેટલી મુદ્દત નક્કી કરો તેના પર આધારિત આપના રોકાણની રકમ પર ૧૦% સુધી વ્યાજ મળે છે.



### સમૃદ્ધિ ડિપોઝિટ યોજના

આપની બચત પર વ્યાજનું વ્યાજ મેળવીને સલામતી સાધી શકો છો.




### રિકરિંગ ડિપોઝિટ યોજના

આપની નાની માસિક બચતમાંથી મોટી મૂડીનું નિર્માણ થાય છે.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાનો સંપર્ક સાધો.

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/295


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશ : વિક્રમ સં. ૨૦૩૩ની

# વાર્ષિક અનુક્રમણિકા


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| **કારતક** | | |
| નૂતન વર્ષના મંગળ પ્રવેશે | તંત્રી સ્થાનેથી | ૧ |
| યોગદૃષ્ટિએ શત્રુંજય યાત્રા | શ્રી અમરચંદ માવજી | ૭ |
| વિવેક અને ધર્મ | પંડિત શ્રી બેચરદાસ | ૯ |
| સમણસુત્તં ગુજરાતી અનુવાદ | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૧૩ |
| ગતિ પ્રત્યનિક | પં. પૂર્ણાનંદવિજય (કુમાર શ્રમણ) | ૧૬ |
| સંશયાત્મા વિનશ્યતિ | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૧ |
| સમાચાર સંચય | | ૨૫ |
| **માગશર** | | |
| મહાભિનિષ્ક્રમણ | સ્વ. મનસુખલાલ ટી. મહેતા | ૨૯ |
| મૃત્યુ મરી ગયું રે લોલ | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૩૩ |
| પાણી–આકાશનું અને પૃથ્વીનું | પૂ. ઉપાધ્યાય અમરમુનિ | ૩૭ |
| મૌન એકાદશી આધ્યાત્મિક મહત્વ | અમરચંદ માવજી શાહ | ૩૯ |
| ज्ञान क्रियाभ्यां मोक्षः | પં. પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૪૧ |
| રત્નાકર પચ્ચીશી અનુવાદ | શ્રી એન. ડી. શાહ | ૪૪ |
| ધર્મમાર્ગનો યાત્રિક આત્મા સમાજને કલ્યાણમાર્ગ ચીંધે છે | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ | ૪૭ |
| એ સૌજન્યશીલ મનસુખભાઈ | શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ | ૪૯ |
| સમાચાર સંચય | | ૫૧ |
| **પોષ–મહા** | | |
| કાવ્ય | | ૬૩ |
| મનસુખભાઈનું આંતરજીવન | પૂ. પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૬૪ |
| પરમ સ્નેહિ શ્રી મનસુખભાઈને (કાવ્ય) | પંડિત બેચરદાસ દોશી | ૬૬ |
| આત્મકથન તથા અન્ય માહિતી | શશીકાંત મનસુખલાલ મહેતા | ૬૮ |
| સ્મરણાંજલિ | ખીમચંદ ચાંપશી શાહ | ૭૩ |
| કથાસમ્રાટ શ્રી મનસુખભાઈ જેમણે મને પ્રેરણા પાઈ! | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૭૫ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| આધુનિક યુગના પરકાય પ્રવેશક એક ગૃહસ્થયોગી | રતિલાલ મફાભાઈ શાહ | ૭૯ |
| અધ્યાત્મજ્ઞાની તત્ત્વચિંતક શ્રી મનસુખલાલભાઈ | ગૌતમલાલ અ. શાહ | ૮૧ |
| શીલધર્મની કથાઓ-પ્રકાશન અંગે પ્રશંસા પત્ર | અમરચંદ માવજી શાહ | ૮૩ |
| હાર્દિક શ્રદ્ધાંજલિ | ચીમનલાલ રતનચંદ સાંડસા | ૮૬ |
| પ્રત્યાખ્યાનની નોંધ | શશીકાંત મનસુખલાલ મહેતા | ૮૭ |
| નિષ્કામ કર્મયોગી શ્રી મનસુખભાઇ | શ્રી "રક્તતેજ" | ૮૯ |
| શ્રદ્ધાંજલિ | જયંતિલાલ એમ. શાહ | ૯૧ |
| બાપુજીની ઝાંખી | કોકિલાબેન વિનયચંદ પારેખ | ૯૨ |
| મારા સંસ્મરણો | અરૂણાબેન જે. મહેતા | ૯૬ |
| મારા પૂ. પિતાશ્રીની ડાયરીમાંથી કેટલીક મહત્ત્વની નોંધો | અરૂણાબેન જે. મહેતા | ૯૯ |
| એક અગત્યનો આશ્વાસન પત્ર | શીલાંક ચંદુલાલ મહેતા | ૧૦૨ |
| ભગવો ઝભ્ભો | નંદલાલ રૂપચંદ શાહ | ૧૦૩ |
| શ્રદ્ધાંજલી | ધીરજલાલ ટોકરશી શાહ | ૧૦૫ |
| ફુલ ગયું ફોરમ રહી | શ્રી મનુભાઈ શેઠ | ૧૧૧ |
| દ્વાદશારં નયચક્રમ્ ઉદ્દ્ઘાટન અહેવાલ | | ૧૧૩ |
| દ્વાદશારં નયચક્રમ્ ઉદ્દ્ઘાટન કાવ્ય | શ્રી બંસીલાલ શાહ | ૧૧૪ |
| સૌજન્યમૂર્તિ શ્રી મનસુખલાલભાઇ | રમણલાલ ચી. શાહ | ૧૨૩ |
| મારા બે પ્રસંગોનું સંસ્મરણ | ડો. ભગવાનદાસ મ. મહેતા | ૧૨૭ |


## ફાગણ-ચૈત્ર


| | | |
|---|---|---|
| હે નાથ ! તારા મંદિરમાં આવ્યો છું (કાવ્ય) | રવિન્દ્રનાથ ટાગોર | ૧૩૫ |
| ભગવાન મહાવીરની નીષ્કામ કરુણા | અમરચંદ માવજી | ૧૩૬ |
| જૈન (કાવ્ય) | અમરચંદ માવજી | ૧૩૭ |
| ભગવાન મહાવીર | સ્વ. શ્રી મનસુખલાલ ટી. મહેતા | ૧૩૮ |
| પ્રભુ મહાવીરના નિર્વાણ સમયના પ્રાચીન તીર્થો | જયંતિલાલ એમ. શાહ | ૧૪૫ |
| ત્રિવેણી | શ્રી કુમારપાળ દેસાઇ | ૧૪૭ |
| ધર્મલાભ | મણીલાલ વનમાળીદાસ શેઠ | ૧૫૩ |
| તીર્થંકર પ્રરૂપીત ગૃહસ્થાશ્રમ ધર્મ | પં. પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૧૫૮ |
| માનવી માનવી વચ્ચે આ ભેદ શાને ? | ભાનુમતી દલાલ | ૧૬૩ |
| મહાવીર મેં દીઠા સપનામાં (કાવ્ય) | ડો. ભાઇલાલ બાવીશી | ૧૬૫ |
| આત્મપ્રિય શ્રી મનસુખભાઇને ભાવાંજલિ | શાહ ગુલાબચંદ લલ્લુભાઈ | ૧૬૭ |
| જગત વાત્સલ્ય પ્રભુ મહાવીર | કમલિની | ૧૬૮ |
| સમાચાર સંચય | | ૧૬૮ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| **વૈશાખ** | | |
| સુભાષિતો | | ૧૭૧ |
| દુ:ખીનો દિલાસો કિંવા કર્મ પચ્ચીસીની સજ્ઝાય | હીરાલાલ ર. કાપડીયા | ૧૭૨ |
| પૂર્વજન્મ અને પુનર્જન્મ | મુનિશ્રી ન્યાયવિજયજી | ૧૭૬ |
| સાંભળ્યા વિના પણ ધર્મ પામે ? | પં. પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૧૭૯ |
| પુષ્પપૂજા કરનાર હરિ | જિનદાસ મણીલાલ દોશી | ૧૮૧ |
| મારી વિનતી (કાવ્ય) | શ્રી પુનિત મહારાજ | ૧૮૩ |
| ગુજરાતી ભાષાના વિકાસમાં જૈનોએ ભજવેલો ભાગ | શ્રી કૃષ્ણલાલ ઝવેરી | ૧૮૪ |
| શ્રી વિજયાનંદસૂરિનો અક્ષરદેહ | મુનિશ્રી પુણ્યવિજયજી | ૧૮૫ |
| નીતિને માર્ગે દ્રવ્ય રળનારા વિરલા જ હોય | કુમારપાળ દેસાઈ | ૧૮૭ |
| **જેઠ** | | |
| અભિલાષા | | ૧૯૧ |
| સમતામૂર્તિનો કાળધર્મ | રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૯૨ |
| મહાન ગુરુના મહાન શિષ્ય | કાન્તીલાલ ડી. કોરા | ૧૯૬ |
| સંસારને માર્ગે કેવળજ્ઞાન | હીરાલાલ ર. કાપડીયા | ૧૯૮ |
| ધન્ય ધન્ય એ અણગાર | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૯૯ |
| સાંભળ્યા વિના પણ ધર્મ પામે | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૨૦૧ |
| આગમ સાહિત્ય | ડૉ. રમણલાલ શાહ | ૨૦૩ |
| અપરાધી કોણ ? | સ્વ. સાધ્વીશ્રી ઉજ્વળ કુ. | ૨૦૬ |
| જિનશાસનરત્ન આચાર્યવર્ય કે કાલધર્મ | ઇન્દ્રદિન્ન સૂરિ | ૨૦૮ |
| સં. ૨૦૩૨નો હિસાબ | | ૨૧૦ |
| સમાચાર સંચય | | ૨૧૫ |
| **અષાડ** | | |
| તપનું તેજ | | ૨૧૯ |
| સર્વે ઇચ્છાઓ-તૃષ્ણાઓ દુ:ખ આપનારી છે | ખીમચંદ ચાંપશી શાહ | ૨૨૦ |
| પત્ર સૌરભ | શ્રી 'સુશીલ' | ૨૨૨ |
| જીવનનો ઉદ્દેશ | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૨૨૫ |
| અધ્યાત્મજ્ઞાનગંગાના ઓવારેથી.... | શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી | ૨૨૯ |
| **શ્રાવણ-ભાદ્રપદ** | | |
| 'સ્વાગતમ્' ગીત | જગજીવનદાસ જે. જૈન | ૨૩૫ |
| પર્યુષણનો પરમાર્થ | અમરચંદ માવજી | ,, |
| આત્માનંદ પ્રકાશ (કાવ્ય) | ,, | ૨૩૬ |
| વીતરાગ પ્રાર્થના (કાવ્ય) | શ્રેયસ્ | ,, |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- |
| कडाण कम्माण न मुक्ख अत्थि કરેલા કર્મોમાંથી મુક્તિ નથી | ખીમચંદ ચાંપશી શાહ | ૨૩૭ |
| તપનો મહિમા | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૨૩૯ |
| પર્યુષણની આરાધના | કુમારપાળ દેસાઇ | ૨૪૩ |
| અભય અને અહિંસક પ્રવર્તક ભગવાન મહાવીર | ઉપેન્દ્રરાય જે. સાંડેસરા | ૨૪૬ |
| મહાવીર સ્મૃતિ (કાવ્ય) | જયંતિલાલ મોહનલાલ ઝવેરી | ૨૪૮ |
| મંદિર મારૂં, મૂર્તિ વિહોણું | ડૉ. ભાઇલાલ એમ. બાવીશી | ૨૪૯ |
| ક્ષમાની સાધના | પૂ. સાધ્વીજીશ્રી ૐકારશ્રીજી | ૨૫૧ |
| સુખ ક્યાં છે? | પૂ. મુનિશ્રી જ્ઞાનસાગરજી | ૨૫૫ |
| પર્યુષણ પર્વનો દિવ્ય સંદેશ | પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિજી | ૨૫૯ |
| સમાચાર | | ૨૬૧ |
| **આસો** | | |
| તપ | ધીરજલાલ કે. શાહ | ૨૭૧ |
| કષાયોમાંથી મુક્તિ એ જ મુક્તિ છે | ખીમચંદ ચાંપશીભાઈ શાહ | ૨૭૨ |
| મર્યાદા | ઝવેરભાઈ બી. શેઠ | ૨૭૪ |
| પેટ્રન સાહેબોની નામાવલી | | ૨૭૭ |
| શ્રી કુમારપાળ દેસાઈને પી.એચ.ડી.ની પદવી | | ૨૮૦ |
| હિંસાને આડકતરૂં અનુમોદન, આમાંથી કેટલે અંશે બચી શકાય? | | ૨૮૧ |
| ભગવતી સૂત્ર સાર-સંગ્રહ અંગે બે મહત્ત્વના પત્રો | | ૨૮૫ |
| સ્વીકાર અને સમાલોચના | | ૨૮૭ |
| સમાચાર સંચય | | ૨૮૮ |
| વાર્ષિક અનુક્રમણિકા | | ૨૯૧ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## આપના ધંધાની પ્રગતિ અને વિકાસ માટે

# 'આત્માનંદ પ્રકાશ'માં જાહેરાત આપો.

છેલ્લા બોત્તેર વર્ષથી 'આત્માનંદ પ્રકાશ' જૈન સમાજની અવિરતપણે સેવા કરી રહ્યું છે.

*

મુંબઈ, કલકત્તા, બેંગ્લોર વગેરે મોટા ધંધા અને ઉદ્યોગના ધામો સુધી આ માસિકના ગ્રાહકો છે.

*

ધર્મ, તત્ત્વજ્ઞાન અને ચારિત્ર ઘડતર માટેની સુંદર કથાઓ વાચકોને પીરસવામાં આવે છે.

*

વધુ વિગત માટે લખો :
**શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેટ, ભાવનગર

*

વાર્ષિક ૩૦ ફર્માનું વાંચન વાર્ષિક માત્ર છ રૂપિયાના લવાજમમાં તમારે ઘરે પહોંચતું કરવામાં આવે છે.

*

### * જાહેર ખબરના દર *

| | એક વખતના રૂા. | વાર્ષિક (દશ અંકોમાં) રૂા. |
|---|---|---|
| ટાઈટલ પેજ (છેલ્લું) ચોથું. (આખું પાનું) | ૧૦૦) | ૮૦૦) |
| ટાઈટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખું પાનું | ૭૫) | ૬૦૦) |
| અંદરનું આખું પાનું | ૫૦) | ૪૦૦) |
| અંદરનું અર્ધું પાનું | ૩૦) | ૨૨૫) |
| અંદરનું પા પાનુ | ૨૦) | ૧૫૦) |

સૌ શુભેચ્છકોને સહકાર આપવા વિનંતિ.

—મંત્રીઓ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમ પૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબુવિજયજીના
વરદ્ હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્ દ્વિતીય ભાગ'

બહાર પડી ચૂકયો છે, વેચાણ શરૂ થઈ ગયેલ છે.

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્‌ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવો જોઇએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

**ડૉ. આદિનાથ ને. ઉપાધ્યે** જણાવે છે કે—મુનિશ્રી જંબુવિજયજીની આ આવૃત્તિની પોતાની અનેક વિશેષતાઓ છે. શ્રી જંબુવિજયજીએ મૂળ ગ્રંથનો વિગતપૂર્ણ અભ્યાસ કરેલ છે. તેમણે લખેલી ટિપ્પણીઓ મહત્વપૂર્ણ અને વિદ્વતા ભરેલી છે, સંશોધનની દૃષ્ટિથી મૂલ્યવાન છે. ન્યાયગ્રંથની એક આદર્શ રીતે સંપાદિત આવૃત્તિ માટે હું મુનિશ્રી જંબુવિજયજીને મારા આદરપૂર્ણ અભિનંદનોથી નવાજું છું.

( કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ )

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર**


તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only